# નગર શિક્ષણ પત્રિકા



| પત્રિકા નં. : ૩ | પ્રકાશક : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ | જાન્યુઆરી : ૨૦૧૨ |
|---|---|---|




| પ્રેરણા | માર્ગદર્શન | લેખન - સંપાદન | | |
|---|---|---|---|---|
| ડૉ. જગદીશ ભાવસાર<br>અધ્યક્ષ | ડૉ. એલ. ડી. દેસાઈ<br>શાસનાધિકારી | નલિનીબહેન પોપટાણી<br>નાયબ શાસનાધિકારી | ડૉ. આર. એચ. રાણા<br>સંચાલક, નૂતન તાલીમ વિભાગ | અધ્યાપકગણ<br>નૂતન તાલીમ વિભાગ |
| ડૉ. હર્ષદ પટેલ<br>ઉપાધ્યક્ષ | | | | |


**'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદમેં પલતે હૈ.'**

**- ચાણક્ય**







## આપણે સૌ "કર્મદેવી"ના આરાધક બનીએ

આજે નવીન લાગતો વિચાર, કાર્ય અને સમજ આવતીકાલે જૂના થઈ જશે તેવા ઝડપથી પરિવર્તન પામી રહેલા સમયમાં પાછળ ન રહી જવાય તેનું ચિંતન, મનન અને અમલનો આજે યુગ ચાલી રહ્યો છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં આવતાં બાળકો અને મા સરસ્વતીનું સિંચન ભાવિ પેઢીને કરાવતા સૌ ગુરુજનો પરિવર્તનના સંદેશ અને માંગને ઝડપશે તેવો વિશ્વાસ છે.

વર્ગ-ખંડને સ્વર્ગ બનાવવામાં ક્યાંય કોઈ અવરોધને અવકાશ હોતો નથી. બાળક જેવું છે તેને મઠારીને તૈયાર કરવામાં આશીર્વાદનો ધોધ જ આપણા પર વહે છે. કર્મને અનુસરવામાં કરાતી બેદરકારી, છેતરામણી સૃષ્ટિ પરની વ્યવસ્થાઓમાં કદાચ કોઈની નોંધમાં આવતી ન હોય તેવું માનીએ તો પણ એક વાત ચોક્કસ છે કે સૃષ્ટિના રચયિતાના ચોપડે તો નોંધાય જ છે! કર્મનો સિદ્ધાંત સૂચવે છે કે સારા અને ફરજ પરત્વે અન્યાય કરતા ખોટા કર્મનું ફળ અહિંયાં જ આ અવતારમાં ભોગવવું પડે છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં આવતાં ભૂલકાંઓ "કર્મદેવી"ના આરાધકોની અપેક્ષા રાખે છે. આવો નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સૌ કર્મચારીબંધુ - ભગિનીઓ આ ભૂલકાંઓની અપેક્ષાને "કર્મદેવી"ના આરાધક બની પુરી કરવાનો સંકલ્પ કરીએ.

આપના

**ડૉ. હર્ષદ પટેલ**
**વાઈસ ચેરમેન**

**ડૉ. જગદીશ ભાવસાર**
**ચેરમેન**

## પ્રતિમા સફાઈ :-

અમદાવાદ મ્યુનિ. સ્કૂલબોર્ડ જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘે અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડમાં અભ્યાસ કરતા અને સ્કાઉટ-ગાઈડમાં જોડાયેલાં બાળકો દ્વારા અમદાવાદ મહાનગરમાં આવેલ તમામ પ્રતિમાની સ્વચ્છતાનો કાર્યક્રમ યોજેલ છે. "સ્વચ્છ ગુજરાત, નિર્મળ ગુજરાત" આ સૂત્રને અનુસરી સ્કાઉટ-ગાઈડ બાળકો દર માસની આખર તારીખે શાળાની નજીકમાં આવેલ પ્રતિમાની સફાઈ કરશે. આ કાર્યક્રમ એક વર્ષ સુધી એટલે કે ડિસેમ્બર – ૨૦૧૨ સુધી ચાલનાર છે. કાર્યક્રમની શરૂઆત ૩૦/૧૧/૨૦૧૧ના રોજ કરવામાં આવી. દરેક સ્કાઉટ-ગાઈડ બાળકો અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને શરૂ કરવામાં પોતાનું યોગદાન આપ્યું. પ્રતિમા સફાઈ દરમ્યાન જુદા-જુદા સ્થળોએ સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ, સ્કૂલબોર્ડ સભ્યશ્રીઓ અને મહાનુભાવોએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા.

## ટ્રાફિક અવેરનેસ તાલીમ :-

અમદાવાદ મ્યુનિ. સ્કૂલબોર્ડ જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘે વિદ્યાર્થીઓમાં ટ્રાફિક અવેરનેસ આવે તે હેતુસર તારીખ ૨૮/૧૧/૨૦૧૧ તથા ૨૯/૧૧/૨૦૧૧ એમ કુલ ૨ દિવસ ટ્રાફિક ચિલ્ડ્રન પાર્ક, સરદારબાગ ખાતે સવારના ૦૯:૦૦ થી ૧૨:૦૦ સુધી તાલીમનું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ દિવસે ૮૩ વિદ્યાર્થીઓ અને બીજા દિવસે ૪૭ મળી કુલ ૧૩૦ બાળકોએ આ તાલીમ વર્ગમાં ભાગ લીધો.

ચિલ્ડ્રન પાર્કના તજ્જ્ઞશ્રી ખુરશીદબહેન મનસુરીએ ખૂબ જ સરળતાથી અને સહજતાથી ટ્રાફિકના નિયમો સમજાવ્યા. બાળકોને ટ્રાફિક અંગે મૂંઝવતા પ્રશ્નોને પણ ઉકેલી સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું. બાળકોને લઈને આવેલ શિક્ષકોએ પણ સુંદર તાલીમ અને માર્ગદર્શન મેળવી ધન્યતા અનુભવી. તાલીમના અંતે બાળકોને મધ્યાહ્ન ભોજન આપી તાલીમ પૂર્ણ કરવામાં આવી.

## ખેલ મહાકુંભ :-

તા. ૨૯/૧૧/૨૦૧૧ થી ૨૩/૧૨/૨૦૧૧ સુધી સમગ્ર રાજ્યમાં ખેલ મહાકુંભની ઉજવણી કરવામાં આવી. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પણ વૉર્ડકક્ષાથી શહેરકક્ષાની જૂથ પ્રમાણેની રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન સફળતાપૂર્વક કર્યું. આ ઉપરાંત રાજ્યકક્ષાની સ્પર્ધાઓ પણ અમદાવાદ શહેરમાં યોજવામાં આવી. ચાલુ વર્ષે ૧,૦૩,૭૦૨ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવેલ જે પૈકી અડધા કરતાં વધુ સંખ્યા મ્યુનિ. સ્કૂલ બોર્ડની હતી. રજિસ્ટ્રેશન પૈકી ૮૫,૦૦૦ કરતાં વધુ ખેલાડીઓએ રમત-ગમતમાં ભાગ લીધો હતો. ખેલ મહાકુંભ અંતર્ગત રસ્સા ખેંચમાં વિજેતા બાળકોની – શિક્ષકોની વિગત નીચે મુજબ છે.

જિલ્લાકક્ષાએ વિજેતા મ્યુનિ. શાળાની વિદ્યાર્થિનીઓ

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | ભાનુ ભારાજી વણઝારા | વાસણા શા નં. ૩ |
| ૨ | મિનાક્ષી લક્ષ્મણભાઈ ખુમાણ | વાસણા શા નં. ૩ |

રાજ્યકક્ષાએ રસ્સા ખેંચમાં પ્રથમ નંબરે (ગોલ્ડ મેડલ) વિજેતા ટીમમાં મ્યુનિ શાળાની શિક્ષિકાઓ

| ક્રમ | શિક્ષકશ્રીનું નામ | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | ઈવેંગ્લીના વી. ઠાકોર | રાયખડ શા.નં. ૪ |
| ૨ | દેવયાનીબેન ચૌધરી | ખાડિયા શા.નં. ૨૮ |
| ૩ | દીવાબેન ચૌધરી | કાંકરિયા શા.નં. ૯ |
| ૪ | સુમિત્રાબેન ટી. પટેલ | બાગેફિરદોષ શા.નં. ૨ |
| ૫ | ઉષાબેન એમ રાજપૂત | નારણપુરા હિ.શાળા નં. ૩ |

## ટ્રાફિક નિયમન માટે કરેલ કામગીરી :-

અમદાવાદ મ્યુનિ. સ્કૂલબોર્ડ જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા દર માસના પ્રથમ અને ત્રીજા શનિવારે ટ્રાફિક નિયમન માટે સ્કાઉટ-ગાઈડમાં જોડાયેલ બાળકોને કામગીરી સોંપવામાં આવેલ છે. ટ્રાફિક નિયમન માટે જુદા-જુદા ચાર ટ્રાફિક પોઈન્ટ નક્કી કરવામાં આવેલ છે. જેમાં અંધજન મંડળ - વસ્ત્રાપુર, ટાઉનહોલ - એલિસબ્રીજ, નરોડા પાટિયા- નરોડા અને ઈન્કમટેક્ષ-આશ્રમરોડ એમ કુલ ચાર ટ્રાફિક પોઈન્ટનો સમાવેશ કરવામાં આવેલ છે. સ્કાઉટ-ગાઈડ બાળકોની સેવાનો સમય સાંજના ૦૫:૦૦ થી ૦૭:૦૦ રાખવામાં આવેલ છે. ટ્રાફિક નિયમન અંગેનો કાર્યક્રમ બાળકો દ્વારા ૦૩/૧૨/૨૦૧૧થી શરૂ કરવામાં આવેલ છે. જે નિયમિત એક વર્ષ સુધી એટલે કે નવેમ્બર-૨૦૧૨ સુધી ચાલનાર છે. આ કાર્યક્રમમાં જુદી-જુદી શાળાના આઠ સ્કાઉટ બાળકો નિયત કરેલ શનિવારે સેવા આપનાર છે.

### ચાણક્ય વ્યાખ્યાનમાળા :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંયુક્ત ઉપક્રમે ‘ચાણક્ય વ્યાખ્યાનમાળા’ના પ્રથમ મણકાનું આયોજન તા. ૦૫/૧૨/૨૦૧૧, સોમવાર સવારે ૧૦:૦૦ કલાકે ટાગોર હૉલ, પાલડી ખાતે કરવામાં આવ્યું.

‘આગળ વધીએ...વધતા રહીએ...’ તે વિષય ઉપર યોજાયેલા ચાણક્ય વ્યાખ્યાનમાળાનું અમદાવાદના મેયરશ્રી અસિતભાઈ વોરાએ દીપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કર્યું હતું. ગ્લોબલ ઈન્ટરનેશનલ દ્વારા વિશ્વના શ્રેષ્ઠ ૩૦ મેનેજમેન્ટ ગુરુ પૈકી જેમને વર્ષ - ૨૦૧૧માં ૧૯મો રેન્ક અર્પણ કરવામાં આવેલ તેવા મેનેજમેન્ટ ગુરુ ડૉ. શૈલેષભાઈ ઠાકરે સ્કૂલ બોર્ડના આચાર્યશ્રીઓ અને શિક્ષકોને શિક્ષણ ક્ષેત્ર સ્વીકારવા બદલ અભિનંદન પાઠવી કેટલાંય બાળકોના જીવન ઘડતરની મળેલી તક ઝડપી લઈ ‘આગળ વધીએ ...વધતા રહીએ...’ની અપીલ કરી હતી. તેમના પ્રેરક ઉદ્‌બોધનમાં તેમણે એ વાત પર ખાસ ભાર મૂક્યો હતો કે ‘જ્ઞાનની પ્રાપ્તિ જીવન નથી પણ જ્ઞાનનો અમલ જીવન છે.’ ઉચ્ચ શૈક્ષણિક પદવી મેળવી ત્યાં જ અટકી ન જતાં પોતાના ક્ષેત્રમાં વધુ વાચન, વિચાર અને સંશોધન હાથ ધરી તેનો લાભ બાળકો સહિત શિક્ષણ જગત અને સમગ્ર સમાજને પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરવા તેમણે ઉપસ્થિત સારસ્વતોને હાકલ કરી હતી. પોતાના વર્ગ / શાળાનાં બાળકો પૈકી જે બાળકો ‘ડી’ ગ્રેડમાં હોય તેઓ ‘સી’ ગ્રેડ મેળવે, ‘સી’ વાળાં ‘બી’ અને ‘બી’ વાળાં બાળકો ‘એ’ ગ્રેડ સુધી પહોંચે તે માટે અસરકારક આયોજન તેમજ પ્રયત્નો કરવા તેમણે શીખ આપી હતી. શિક્ષણ આપવું અઘરું નથી, પણ આગામી સમયને ધ્યાનમાં રાખી બાળકોને તે માટે તૈયાર કરવાં એ અઘરું છે તે વાત તેમણે તરફ સૌનું ધ્યાન દોર્યું હતું.

બીલ ગેટ્સ, ડૉ. વિક્રમ સારાભાઈ, ડૉ. અબ્દુલ કલામ, સ્ટીવ જોબ્સ જેવા મહાપુરુષોના જીવનમાંથી તેમજ તદ્દન સામાન્ય માણસોના જીવનમાંથી પણ સારી બાબતો ગ્રહણ કરી આગળ વધતા રહેવાની પ્રેરણા આપી તેમણે તેમનું વકતવ્ય પૂર્ણ કર્યું હતું.

સમારંભના પ્રારંભે સ્કૂલ બોર્ડના અધ્યક્ષ ડૉ. જગદીશભાઈ ભાવસારે સ્વાગત પ્રવચન કરતાં સૌ મહાનુભાવોને આવકાર્યા હતા. વ્યક્તિ, સમાજ કે સંસ્થાના વિકાસ પાછળ ચોક્કસ વિચાર કે વિચારધારાનું પીઠબળ કાર્ય કરતું હોય છે તેમ જણાવી વિચારના આ સામર્થ્યને કાર્યાન્વિત કરવા અને સમગ્ર સ્કૂલ બોર્ડ પરિવારને તેમાં જોડવા માટે આયોજિત ‘ચાણક્ય વ્યાખ્યાનમાળા’નો હેતુ તેમણે સ્પષ્ટ કર્યો હતો.

આ પ્રસંગે મેયરશ્રી અસિતભાઈ વોરા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસારને ડૉ. શૈલેષભાઈ ઠાકરે પોતાનું નવું પુસ્તક ‘ધી ન્યુ એઈઝ ઓફ લીડરશીપ’ભેટમાં અર્પણ કર્યું હતું.

કાર્યક્રમના અંતે શાસનાધિકારીશ્રી ડૉ. એલ. ડી.દેસાઈએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, હાઉસિંગ કમિટીના ચેરમેનશ્રી હસમુખભાઈ પટેલ, સ્કૂલ બોર્ડના ઉપાધ્યક્ષશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ તથા સદસ્યશ્રીઓ ડૉ. પરાગભાઈ ઠાકર, ડૉ. છોટેલાલ ગુપ્તા, શ્રી મહેશભાઈ ઠક્કર, મ્યુનિ. કાઉન્સિલરશ્રીઓ, શિક્ષકમંડળના પ્રતિનિધિશ્રીઓ, સ્કૂલ બોર્ડના અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં આચાર્યશ્રીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

### વન-ડે કેમ્પ :-

અમદાવાદ મ્યુનિ. સ્કૂલબોર્ડ જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા અમદાવાદ મ્યુનિ. સ્કૂલબોર્ડ સંચાલિત શાળાઓમાં અભ્યાસ કરતા અને સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિમાં જોડાયેલા વિદ્યાર્થીઓને સઘન તાલીમ મળી રહે તે હેતુસર વન-ડે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. સ્કૂલ બોર્ડની તમામ શાળાઓના બાળકોને લાભ મળી રહે તે હેતુસર વિવિધ વિસ્તારની પાંચ શાળાઓને કેન્દ્ર તરીકે પસંદ કરવામાં આવી હતી. જેમાં મણીનગર ગુજરાતી શાળા નં. ૪, એસ.આર.પી. ગુજરાતી શાળા નં. ૨, સરસપુર ગુજરાતી શાળા નં. ૭/૨૧, સ્કાઉટભવન, પાલડી અને કેશવનગર શાળા નં. ૧ને પસંદ કરવામાં આવી.

આ પાંચેય શાળાઓમાં વન-ડે કેમ્પની શરૂઆત ધ્વજવંદનથી કરવામાં આવી હતી. જેમાં સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, સ્કૂલ બોર્ડ સભ્યશ્રીઓ તથા સ્થાનિક કોર્પોરેટરશ્રીઓએ અલગ-અલગ સ્થળોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આશીર્વચન આપ્યાં હતાં.

## વાલી સંમેલન :-

પ્રથમ સત્રાંત પરીક્ષાના પરિણામ સાથે વાલીઓ પોતાના પાલ્યના શિક્ષણ તેમજ અન્ય પાસાંના વિકાસથી વાકેફ થાય અને આ નિમિત્તે વાલી સાથે રૂબરૂ મુલાકાત થાય તેવા હેતુથી સ્કૂલ બોર્ડ દ્વારા દરેક શાળામાં વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. તા. ૨૪/૧૨/૨૦૧૧ના રોજ શાળાકક્ષાએ યોજાયેલ આ વાલી સંમેલનમાં બાળકના પ્રગતિકાર્ડ સાથે વ્યક્તિગત રીતે જરૂરી માર્ગદર્શન અપાયું. સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ, બોર્ડ સદસ્યશ્રીઓ તથા એસ.એમ.સી.ના સભ્યો અને સ્થાનિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં બાળવિકાસ માટે શાળાવાર વાલી સંમેલન ખૂબજ મહત્ત્વપૂર્ણ જણાયું.

## કાંકરિયા કાર્નિવલ - ૨૦૧૧ :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તા. ૨૫/૧૨/૨૦૧૧ થી તા. ૩૧/૧૨/૨૦૧૧ સુધી કાંકરિયા કાર્નિવલ - ૨૦૧૧નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્નિવલમાં અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓના વિદ્યાર્થીઓએ રંગોળી સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન, સ્કીલોરામા, બેન્ડ ડીસ્પ્લે તથા વેશભૂષા જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાંકરિયા કાર્નિવલ દરમ્યાન મ્યુનિ. શાળાના બાળકોને રોજની એક એમ સતોડિયું, પગથિયા, ભમરડો, ઇંડું, લખોટી, દોડો...દોડો...મૂર્તિ તથા ગિલ્લી-દંડો જેવી વિસરાતી જતી રમતો રમાડવામાં આવી હતી. જે તે સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા રહેલ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

### ૧. મેરેથોન દોડ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત સાબરમતી મેરેથોન - ૨૦૧૧માં ફુલ અને હાફ મેરેથોન તથા ડ્રીમ રનમાં ગુજરાત ઉપરાંત દેશ-વિદેશના ખેલાડીઓ, વિકલાંગો, પ્રજ્ઞાચક્ષુઓ, સિનિયર સિટીઝન, સ્કૂલ બોર્ડના બાળકો તેમજ શિક્ષકો સહીત ૧૮૦૦૦થી વધુ લોકો જોડાયા હતા. ડ્રીમ રન સવારે ૦૫ઃ૩૦ કલાકે વલ્લભસદન, આશ્રમરોડ ખાતેથી શરૂ થઈ લૉ ગાર્ડન અને લૉ ગાર્ડનથી વલ્લભસદન પરત ફરી હતી.

### ૨. રંગોળી સ્પર્ધા

મ્યુનિ. શાળાના બાળકોએ કાંકરિયા તળાવની પાળે ઉર્જા બચાવો, પાણી બચાવો, પર્યાવરણની જાળવણી, ભારત ભક્તિ, મારું ગુજરાત – આગવું ગુજરાત, ગ્રીન અમદાવાદ – ક્લીન અમદાવાદ, સ્વચ્છતા અને આરોગ્ય, અમદાવાદની કાયાપલટ તથા આતંકવાદ સામે પ્રતિકાર જેવા વિષયો પર રંગોળી પૂરી હતી. આ રંગોળી સ્પર્ધામાં વટવા ગુજરાતી શાળા નં. ૧ની વિદ્યાર્થિનીઓ સોનમ એ. ઘાંચી અને રેહાના એમ. શેખએ ઉર્જા બચાવો વિષય પર કુલ ૬૦૦ રંગોળી પૂરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. વાસણા ગુજરાતી શાળા નં. ૫ના વિદ્યાર્થીઓ પરાગદત્ત રામદત્ત કોરી અને પંકજ રામજીભાઈ દાફડાએ પર્યાવરણની જાળવણી વિષય પર રંગોળી પૂરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું તથા ખોખરા તામિલ શાળા નં. ૩ના વિદ્યાર્થીઓ કુમાર એસ. ગૌંડર અને જયકુમાર એસ. મુદલિયારએ ભારત ભક્તિ વિષય પર રંગોળી પૂરી તૃતીય સ્થાન મેળવ્યું હતું. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતાઓને અનુક્રમે રૂ. ૧૧,૦૦૦/-, ૭૦૦૦/- અને ૫૦૦૦/- ઈનામ આપવામાં આવ્યા હતાં તા. ૨૫/૧૨/૨૦૧૧ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી ડૉ.જગદીશભાઈ ભાવસાર અને વાઈસ ચેરમેનશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલના હસ્તે રંગોળીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

### ૩. વકતૃત્વ સ્પર્ધા

શાળાકક્ષાએ, બીટકક્ષાએ, ઝોનકક્ષાએ અને શહેરકક્ષાએ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઝોનકક્ષાએ વિજેતા થયેલા વિદ્યાર્થીઓની શહેરકક્ષાની વકતૃત્વ સ્પર્ધા તા. ૨૬/૧૨/૨૦૧૧ના રોજ રાખવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ મારા સ્વપ્નનું ગુજરાત, પાણી જીવન સરવાણી, ઊર્જા બચાવો – જીવન બચાવો, સૂર્ય - ઊર્જાનો અખૂટ ભંડાર, વાંચનથી વિકાસ, રમતગમત – જીવન ઘડતર, મારો યાદગાર પ્રવાસ, આગળ વધીએ વધતા રહીએ, મારું ગુજરાત આગવું ગુજરાત જેવા વિષયો પર પોતાનું વકતવ્ય રજુ કર્યું હતું. શહેરકક્ષાની સ્પર્ધામાં પુરુષોત્તમનગર ગુજરાતી શાળા નં. ૧ના વિદ્યાર્થી આહિર સુમન ગોબરભાઈ 'મારું ગુજરાત – આગવું ગુજરાત' વિષય પર પોતાનું વકતવ્ય રજૂ કરી પ્રથમ ક્રમે રહ્યા હતા. સરદારનગર હિન્દી શાળા નં. ૧ની વિદ્યાર્થિની યામિની રામેશ્વર ગુપ્તાએ 'આગળ વધીએ...વધતા રહીએ...' વિષય પર પોતાની આગવી શૈલીમાં રજૂઆત કરી દ્વિતીય ક્રમ મેળવ્યો હતો તથા બાપુનગર ગુજરાતી શાળા નં. ૩ની વિદ્યાર્થિની શ્રીખંડે ભૂમિકા ચંદ્રકાંતભાઈ 'જો હું આચાર્ય હોઉ તો...'વિષય પર પોતાના વિચારો રજૂ કરી તૃતીય ક્રમે વિજેતા રહી હતી. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતાઓને અનુક્રમે રૂ.૧૧૦૦૦/-, ૭૦૦૦/- અને ૫૦૦૦/- ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

૪. નિબંધ સ્પર્ધા :-

મ્યુનિ શાળાઓમાં શાળાકક્ષાએ, બીટકક્ષાએ, ઝોનકક્ષાએ અને શહેરકક્ષાએ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઝોનકક્ષાએ વિજેતા થયેલા વિદ્યાર્થીઓની શહેરકક્ષાની નિબંધ સ્પર્ધા કાંકરિયા ખાતે તા. ૨૭/૧૨/૨૦૧૧ના રોજ રાખવામાં આવેલ હતી. વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો પર પોતાના વિચારો નિબંધ સ્વરૂપે રજૂ કર્યા હતા. ગોમતીપુર હિન્દી શાળા નં. ૧ની વિદ્યાર્થીની રહેનુમાબાનુ અબ્દુલમજીદ અંસારીએ 'આગળ વધીએ...વધતા રહીએ...' વિષય પર નિબંધ લેખન કરી પ્રથમ ક્રમે રૂા. ૧૧,૦૦૦/- ઈનામ મેળવ્યું હતું. પુરૂષોત્તમનગર ગુજરાતી શાળા નં. ૧ની વિદ્યાર્થિનીએ 'મારું ગુજરાત – આગવું ગુજરાત' વિષય પર નિબંધ લેખન કરી દ્વિતીય ક્રમે રૂા. ૭૦૦૦/- ઈનામ મેળવ્યું હતું તથા અસારવા ગુજરાતી શાળા નં. ૩ની વિદ્યાર્થી દિપાલી શ્રીધરભાઈ વાડેકરએ 'સૂર્ય – ઊર્જાનો અખૂટ ભંડાર' વિષય પર નિબંધ લેખન કરી તૃતીય ક્રમે રૂા. ૫૦૦૦/- ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

૫. ચિત્ર સ્પર્ધા

મ્યુનિ. શાળાઓમાં શાળાકક્ષાએ, બીટકક્ષાએ અને ઝોનકક્ષાએ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઝોનકક્ષાએ વિજેતા થયેલા ૧૮ વિદ્યાર્થીઓની શહેરકક્ષાની ચિત્ર સ્પર્ધા લિનિયર ગાર્ડન, કાંકરિયા ખાતે તા. ૨૮/૧૨/૨૦૧૧ના રોજ યોજવામાં આવી હતી. તેમાં અમદાવાદ હરિયાળું નગર, કાંકરિયાની પાળે, ઊર્જા બચાવો – જીવન બચાવો, ગુજરાતના તહેવારો, વિશ્વશાંતિ, પર્યાવરણની જાળવણી, મારે ભણવું છે, મારા સ્વપ્નનું ગુજરાત, પૃથ્વી બચાવો તથા રાષ્ટ્રીય દિનની ઉજવણી જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ સુંદર ચિત્રો દોર્યા હતા. શહેરકક્ષાની ચિત્રસ્પર્ધામાં દૂધેશ્વર ગુજરાતી શાળા નં. ૩ના વિદ્યાર્થી કૃણાલ સાગરભાઈ દંતાણીએ 'પૃથ્વીને બચાવો' વિષય પર સુંદર ચિત્ર દોરી પ્રથમ ક્રમે રૂા. ૧૧,૦૦૦/- ઈનામ મેળવ્યું હતું. વટવા ઉર્દૂ શાળા નં. ૨ની વિદ્યાર્થિની અફસાનાબાનુ શબ્બીરએહમદ અન્સારીએ 'પર્યાવરણની જાળવણી' વિષય પર ચિત્ર દોરી દ્વિતીય ક્રમે રૂા. ૭૦૦૦/- ઈનામ મેળવ્યું હતું અને કુબેરનગર આંબાવાડી ગુજરાતી શાળા નં. ૧ના વિદ્યાર્થી ભરત તીરાજી મારવાડીએ 'પર્યાવરણની જાળવણી' વિષય પર ચિત્ર દોરી તૃતીય ક્રમે રૂા. ૫૦૦૦/- ઈનામ મેળવ્યું હતું.

૬. વેશભૂષા

કાંકરિયા કાર્નિવલ - ૨૦૧૧ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના બાળકોએ વેશભૂષામાં ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં સ્કૂલ બોર્ડના ઝોન પ્રમાણે વિવિધ શાળાઓમાંથી થીમબેઈઝ વેશભૂષા રાખવામાં આવી હતી. કુલ ૩૦૦ બાળકોએ પોતાની આગવી શૈલીમાં વેશભૂષાના માધ્યમથી પાત્રોની રજૂઆત કરી હતી. તદ્ઉપરાંત સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતીનો સંદર્ભ લઈ મ્યુનિ. સ્કૂલ બોર્ડના ૧૫૦ વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદ બન્યા હતા. દરેક બાળકે આગવી રીતે સ્વામી વિવેકાનંદના પાત્રની રજૂઆત કરી સ્વામી વિવેકાનંદની યાદ તાજી કરાવી હતી.

૭. સ્કીલોરામા

દરેક બાળકમાં કંઈક ને કંઈક આવડત રહેલી છે. આ સુષુપ્ત શક્તિને જાગૃત કરવી એટલે બાળકનો વિકાસ. બાળકો વેસ્ટમાંથી બેસ્ટ બનાવી શકે અને મર્યાદિત વસ્તુ વડે મર્યાદિત સમયમાં કેટલું સુંદર કલાપ્રદર્શન કરી શકે તેનું સુંદર ઉદાહરણ કાંકરિયા કાર્નિવલ - ૨૦૧૧ અંતર્ગત તા. ૨૮/૧૨/૨૦૧૧ના રોજ યોજાયેલ સ્કીલોરામામાં જોવા મળ્યું. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના કુલ ૩૦૦ બાળકોએ પતંગ, માટીકામ, ઘાસમાંથી પ્રાણીઓ, સ્ટ્રોમાંથી ઢીંગલી, પૂંઠા કામ, પગલુછણિયાં, ઉનના તોરણ, નારીયેળના છોતરામાંથી કુંભ જેવી ૧૫૦ કલાત્મક કલાકૃતિઓ બનાવી તેમની કલાત્મક સર્જનશક્તિનું પ્રદર્શન કર્યું હતું. બાળકોને પ્રોત્સાહિત કરવા મ્યુનિ. શાળાના ૧૫૦ શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં બારડોલપુરા ગુજરાતી શાળા નં. ૧ના વિદ્યાર્થીઓ જયેશ મોતીભાઈ પ્રજાપતિ અને જય તલાજી પ્રજાપતિએ બનાવેલ પેપર હોલ્ડરને પ્રથમ ઈનામ રૂા. ૧૧,૦૦૦/- આપવામાં આવેલ હતું. શાહપુર ગુજરાતી શાળા નં. ૫ના વિદ્યાર્થીઓ હર્ષા એમ. ઠાકોર અને અમન એ. શુક્લએ માટીમાંથી બનાવેલ ગણપતિને દ્વિતીય ઈનામ રૂા. ૧૦,૦૦૦/- આપવામાં આવ્યું હતું. અમરાઈવાડી ગુજરાતી શાળા નં. ૧૩ની વિદ્યાર્થિનીઓ અનિતા પ્રવિણભાઈ પરમાર અને પ્રિયંકા પરષોત્તમભાઈ

મકવાણાએ બનાવેલ પહલુછણિયાંને તૃતીય ઈનામ રૂા. ૯,૦૦૦/- આપવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત ચોથા ક્રમથી દશમા ક્રમ સુધીના વિજેતા વિદ્યાર્થીઓને અનુક્રમે રૂા. ૮૦૦૦/-, ૭૦૦૦/-, ૬૦૦૦/-, ૫૦૦૦/-, ૪૦૦૦/-, ૩૦૦૦/- અને ૨૦૦૦/- ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ૮. બેન્ડ ડીસ્પ્લે

તા.૨૬/૧૨/૧૧, તા. ૨૯/૧૨/૧૧ તથા તા. ૩૧/૧૨/૧૧ના રોજ સ્ટેજ નં. ૩ પર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના સ્કાઉટ-ગાઈડ બાળકોએ બેન્ડ ડીસ્પ્લે કર્યું હતું. જેમાં રાષ્ટ્રગીત, જનરલ સેલ્યુટ, મહેમાન સેલ્યુટ, ગુજરાત સેલ્યુટ, કદમતાલ, માર્ચપાસ્ટ, કવાયત, કેલેસ્થનીક્સ અને વિવિધ પ્રકારના દેશભક્તિ ગીતોની સૂરાવલી બેન્ડ દ્વારા ખૂબ જ સુંદર રીતે રજૂ કરી હતી.

## ૯. વિસરાતી જતી રમતો

તા. ૨૫/૧૨/૧૧ થી તા. ૩૧/૧૨/૧૧ સુધી મ્યુનિ. શાળાના ધોરણ – ૫ થી ૮ના બાળકોને વિસરાતી જતી રમતો જેવી કે; સતોડિયું, પગથિયા, ભમરડો, ઈંડું, લખોટી, દોડો...દોડો...મૂર્તિ તથા ગિલ્લી દંડો રમાડવામાં આવી હતી. દરેક ઝોનની ચાર-ચાર શાળાઓમાંથી દરેક શાળાના કુલ ૬૦ વિદ્યાર્થીઓ એમ કુલ ૧૪૪૦ વિદ્યાર્થીઓ તથા દરેક શાળાના ૩ શિક્ષકો એમ કુલ ૭૨ શિક્ષકોએ આ રમતોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રમતોત્સવ દરમ્યાન વિદ્યાર્થીઓને વિસરાતી જતી રમતો વિશે માહિતી આપવામાં આવી હતી તથા તેનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. બાળકો આ રમતો રમવા માટે પ્રોત્સાહિત થાય તે હેતુથી બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતું.

## ગણેશનગર-પીંપળજ શાળા નં. -૧નું ઉદ્‌ઘાટન :-

રિવરફ્રન્ટ પ્રોજેક્ટને પરિણામે વિસ્થાપિત કુટુંબોના પુનર્વસનને લીધે થયેલા કુટુંબોના સ્થળાંતરથી મ્યુનિ. શાળાનાં બાળકોનો અભ્યાસ બગડે નહિ અને આવા કોઈ કુટુંબનું બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે કોર્પોરેશનના સહયોગથી સ્કૂલ બોર્ડ દ્વારા નવી વસાહતોની નજીક તાત્કાલિક શિક્ષણ સુવિધા ઊભી કરવાના પ્રયાસના ભાગ સ્વરૂપે તા. ૦૨/૦૧/૨૦૧૨ના રોજ ગણેશનગર-પીંપળજ શાળા નં. ૧ તંબુશાળા તરીકે શરૂ કરવામાં આવી. આ શાળામાં તાત્કાલિક અસરથી ધોરણ - ૧ થી ૭ના શિક્ષણ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. શિક્ષકો દ્વારા કરવામાં આવેલ સર્વે મુજબ નવી વસાહતનાં ૬૬૬ બાળકો હાલમાં ઊભી કરાયેલ વ્યવસ્થાનો શિક્ષણ માટે લાભ લેશે. ખૂબ જ ઝડપથી અહીં પ્રિફેબ્રીકેટેડ ઓરડા તથા અન્ય જરૂરી સુવિધા ઉભી કરવાનું તથા પાકું મકાન તૈયાર કરવાનું આયોજન છે.

## પતંગ મહોત્સવ - ૨૦૧૨ :-

સૂર્યશક્તિની આરાધનાનું પર્વ ગણાતી મકરસંક્રાંતિ નિમિત્તે રાજ્યસરકાર દ્વારા અમદાવાદના આંગણે તા. ૧૧/૦૧/૨૦૧૨ના રોજ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની ઉજવણી કરવામાં આવી. પતંગમહોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે મ્યુનિ. શાળાનાં ૫૦૦ જેટલાં બાળકોએ સૂર્યનમસ્કારનું નિદર્શન કર્યું. આ પ્રસંગે ઉપસ્થિત મહામહિમ્ રાજ્યપાલશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી તેમજ મંત્રીશ્રીઓએ પણ આ નિદર્શન નિહાળ્યું. માન. મુખ્યમંત્રીશ્રીએ મ્યુનિ. સ્કૂલ બોર્ડનાં બાળકોના આ સુંદર નિદર્શનને બિરદાવતાં સ્કૂલ બોર્ડના આ પ્રયાસ માટે અને ભાવિ પેઢીના સુચારુ ઘડતર માટે અભિનંદન પાઠવ્યા.

## સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતી :-

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે સમગ્ર વર્ષ દરમ્યાન શાળાકક્ષાએ પાર પાડવાના વિવિધ આયોજનોના ભાગ સ્વરૂપે મ્યુનિ. સ્કૂલ બોર્ડ દ્વારા તા. ૧૨/૦૧/૨૦૧૨ના રોજ વિવેકાનંદજી વિચાર પ્રસાર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. ટાઉનહૉલ સામેની વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી માન. મેયરશ્રી, માન. કમિશનરશ્રીએ ઘંટનાદ સાથે વિચાર પ્રસાર યાત્રાનો શુભારંભ કરાવ્યો. ધારાસભ્યશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ તથા સ્થાનિક આગેવાનો અને અધિકારીગણ પણ તેમાં જોડાયા. માન. સ્કૂલબોર્ડ ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, સ્કૂલબોર્ડ સદસ્યશ્રીઓ તથા શાસનાધિકારીશ્રીએ નિયત સમય પહેલાંથી ઉપસ્થિત રહી સમગ્ર વ્યવસ્થા નિહાળી. વિવેકાનંદજીની આ વિચાર પ્રસાર યાત્રા ટાઉનહૉલથી શરૂ થઈ સ્કાઉટભવન પાલડી સુધી આગળ વધી અને સ્કાઉટભવન ખાતે સમારોહ સ્વરૂપે પૂર્ણ થઈ.

મ્યુનિ. શાળાનાં ૧૫૦ બાળકો સ્વામી વિવેકાનંદજીની વશેભૂષામાં હાથમાં સુવિચારોના બેનર સાથે જોડાયાં. તે ૧૫૦ બાળકોને તૈયાર કરનાર ૧૫૦ વિદ્યાસહાયકોએ તેમાં સાથ આપ્યો. સ્કાઉટ-ગાઈડ બેન્ડની ૫૦ ટીમોના ૩૦૦ સ્કાઉટ-ગાઈડ બાળકોએ બેન્ડના તાલ સાથે આ ૩.૫ કિમી લાંબી યાત્રાનું સુકાન સંભાળ્યું. સ્કાઉટભવન ખાતે યોજાયેલ સમારંભમાં મ્યુનિ. શાળાના એક બાળક દ્વારા વિવેકાનંદજીના શબ્દોમાં 'ભારતીય ભાઈ-બહેનોને સંબોધન' રજૂ કરવામાં આવ્યું. મુખ્ય વક્તા શ્રી નંદક પંડ્યા દ્વારા વિવેકાનંદજીના વિચારો પર મનનીય પ્રવચન આપવામાં આવ્યું. તમામ મ્યુનિ. શાળાઓમાંથી પણ સ્થાનિક કક્ષાએ સ્થાનિક અગ્રણીઓની હાજરીમાં વિવેકાનંદજીની વિચાર પ્રસાર યાત્રા યોજવામાં આવી હતી.

## વાસણા શાળા નં. ૨ (બ્રાન્ચ શાળા)નું ઉદ્‌ઘાટન :-

સાબરમતી રિવરફ્રન્ટના વિસ્થાપિત કુટુંબોના સ્થળાંતર અને પુનઃવસન માટે વાસણા-ગણેશનગર ખાતે ઊભી થયેલી નવી વસાહતનાં બાળકોને શિક્ષણ સુવિધા પૂરી પાડવાના ભાગ સ્વરૂપે ગણેશનગર ખાતે કોર્પોરેશન હાઉસિંગ પ્રોજેક્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૨૪ ઓરડાના નવા મકાનમાં વાસણા શાળા નં. ૨ (બ્રાન્ચ શાળા) શરૂ કરવામાં આવી. ગણેશનગર વસાહતનાં બાળકો શિક્ષણથી વંચિત ન રહે તેવી કાળજીના ભાગ સ્વરૂપે તાત્કાલિક ધોરણે બ્રાન્ચ શાળાના ઉદ્‌ઘાટન પ્રસંગે તા. ૧૮/૦૧/૨૦૧૨ના રોજ માન. સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, ડે.મ્યુનિ. કમિશનરશ્રી (સ્કૂલ બોર્ડ), કાઉન્સિલરશ્રીઓ ઉપરાંત મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધોરણ ૧ થી ૫ના ૩૫૦ જેટલાં બાળકો હાલમાં આ બ્રાન્ચ શાળા માટે નોંધાયેલ છે જે પૈકી મોટાભાગનાં બાળકો હાજર રહ્યાં હતાં.

## વિચારવર્તુળ :-

વિચારના સામર્થ્યને વિકસાવવા અને તેનો લાભ શાળા તેમજ બાળક સુધી પહોંચાડવાના હેતુ સાથે સ્કૂલ બોર્ડ દ્વારા 'વિચારવર્તુળ'ની પ્રથમ બેઠક સ્કાઉટભવન, પાલડી ખાતે યોજવામાં આવી. તા. ૧૯/૦૧/૨૦૧૨ના રોજ યોજાયેલી આ બેઠકમાં 'શિક્ષણ અને જીવનમાં હકારાત્મક અભિગમ' વિચારબીજ પર શિક્ષકો દ્વારા વકતવ્ય આપવામાં આવ્યાં. માન. ચેરમેનશ્રી અને વાઈસ ચેરમેનશ્રીની ઉપસ્થિતિમાં પાંચ શિક્ષકો દ્વારા આ અંગે વિચારો રજૂ કરવામાં આવ્યા જેમને ઉપસ્થિત મહાનુભાવોએ પ્રોત્સાહિત કર્યાં. માન. ચેરમેનશ્રી દ્વારા મનનીય ઉદ્‌બોધન કરવામાં આવ્યું. બેઠકમાં ૧૫૦ જેટલા શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

**દરખાસ્ત માટે નિમંત્રણ**

**વિચારવર્તુળની બીજી બેઠક માટે વિચારબીજ 'વર્ગ એ જ સ્વર્ગ - બાળઘડતર' રાખવામાં આવેલ છે. નવેમ્બર - ૨૦૧૧ની નગર શિક્ષણ પત્રિકામાં દર્શાવ્યા મુજબ હવેની બેઠક માટે પણ શિક્ષકોની દરખાસ્ત નિયત ફોર્મમાં આવકારવામાં આવશે.**

## મેરિટ સ્કોલરશિપ પરીક્ષા :-

ગત વર્ષે ધોરણ - ૪માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર બાળકોને મેરિટ સ્કોલરશિપ પરીક્ષામાં બેસવાની તક આપવા અને આ પરીક્ષામાં ઉચ્ચ મેરિટ ધરાવતા ૨૦૦ બાળકોને રૂા. ૭૫૦ લેખે સ્કોલરશિપ આપી પ્રોત્સાહિત કરવાના હેતુથી સ્કૂલબોર્ડ દ્વારા તા. ૨૧/૦૧/૨૦૧૨ના રોજ પરીક્ષા યોજવામાં આવી.

આ પરીક્ષામાં ગુજરાતી માધ્યમમાં પૂર્વ ઝોનના ૮૫૬, પશ્ચિમ ઝોનના ૭૧૯, ઉત્તર ઝોનના ૯૮૮, દક્ષિણ ઝોનના ૬૬૧, હિન્દી ઝોનના ૪૭૫, ઉર્દૂ ઝોનના ૪૬૬ ઉપરાંત ઈતર માધ્યમમાં મરાઠીના ૯૧, તામિલના ૨૩ અને અંગ્રેજીના ૨૧ મળીને કુલ ૪૩૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. ઝોનવાર એક એમ છ સેન્ટરમાં આ પરીક્ષા યોજવામાં આવી.

સ્કૂલ બોર્ડમાં પ્રથમવાર ૧૦૦ ગુણની બહુવિકલ્પ કસોટી અને OMR Answersheetના ઉપયોગ દ્વારા આ મેરિટ સ્કોલરશિપ પરીક્ષા યોજાઈ. જેમાં OMR sheet પર વિદ્યાર્થીનો બેઠક નંબર અપાયો અને વિદ્યાર્થીને તેનું નામ, શાળાનું નામ, બેઠક નંબર, પરીક્ષા કેન્દ્રનું નામ, પરીક્ષા કેન્દ્રનું સરનામુ અને બ્લોક નંબર જેવી સંપૂર્ણ માહિતી દર્શાવતી કમ્પ્યૂટરાઈઝ્ડ રિસીપ્ટ પણ આપવામાં આવી.

## મારે પણ કંઈક કહેવું છે

### ... એ શિક્ષક હું નથી

મારી નાવડીનો ચાલક, બીજો કોઈ નથી, પરસેવો પાડું છું. 'પર' 'સેવા'ની મને જરૂર નથી.
મિથ્યાભિમાન મારી મૂડી નથી, પણ સ્વમાન વિના જીવે ...એ શિક્ષક હું નથી
સ્વર્ગ જવાની તમન્ના મારી નથી, વર્ગમાં જ સ્વર્ગ નિત લાવું છું મથી,
પૈસા કે પ્રમાણપત્રની ભૂખ મારે નથી, પણ પ્રણ કે પ્રતિષ્ઠા વિના ફરે ...એ શિક્ષક હું નથી
રાજકારણના રંગમંચ મારી પાસ નથી, સરસ્વતીના જ સૂરને વહાવું છું પ્રાથી,
બદલી દઉં જમાનાને જડથી પણ, બદલી શકે મને કોઈ ...એ શિક્ષક હું નથી
પતંગિયા આવે પાસ એવો પ્રચારક નથી, મ્હેકાવું છું ગુલાબ, આવનારને ઈનકાર નથી,
ગુલશનમાં જ સજાવું છું ફૂલ, શિસ્ત કે સંસ્કાર સાથે સમાધાન કરે ...એ શિક્ષક હું નથી
શિક્ષક છું ઉલઝનને સુલઝાવું છું, બ્હાના કે સમસ્યા મારી પાસ નથી,
પથ્થરમાંથી જ ઝરણાં વહેવડાવું છું પણ વખત આવે વળી જાય ...એ શિક્ષક હું નથી
ગંગામાં ગટરો ભળી છે એ હકીકત છે, સમયને આધિન છે હરકોઈ અહીં,
પ્રલય કે નિર્માણથી અળગો હું નથી પણ, વ્હેતા પ્રવાહમાં ભળી જાય ...એ શિક્ષક હું નથી
પાયામાં જ છું, કિલ્લાનો કાંગરો હું નથી, આમેય એકલા ઉડવાની મને ઉતાવળ નથી,
તારીને તરવાની પીધી છે ગળથૂથી, કોઈ ડૂબાડી શકે મને ...એ શિક્ષક હું નથી


માનુભાઈ જે. પરમાર
આચાર્ય, બાપુનગર ગુજરાતી શાળા નં. ૬


### મ્યુનિ. શાળાના શિક્ષકો જોગ

**મારે પણ કંઈક કહેવું છે-** શિક્ષણને પોષક, શિક્ષકને પ્રોત્સાહક અને બાળક માટે પ્રેરણાદાયી લેખ નગર શિક્ષણ પત્રિકામાં પ્રગટ કરવા માટે આવકારવામાં આવશે.

**નોંધ :** રચના મૌલિક હોવી જોઈએ, ટૂંકી હોવી જોઈએ, પાનાની એક બાજુ, શુદ્ધ જોડણી અને સારા અક્ષરે લખાયેલી હોવી જોઈએ. જગ્યાની અનુકૂળતા અને લેખની ઉપયોગિતાના આધારે પસંદગી કરવામાં આવશે.

**Best Practices -** સ્કૂલ બોર્ડ તરફથી સીધી સૂચના વગર પણ શિક્ષણ અને બાળઘડતરને ઉપકારક પ્રયાસ કે ઈનોવેટીવ એક્ટિવીટી હાથ ધરવામાં આવેલ હોય તો પ્રાપ્ત પરિણામોની ટૂંકી વિગત સાથેનો અહેવાલ આ પત્રિકામાં પ્રગટ કરવા માટે આવકારવામાં આવશે.


**ડૉ. આર.એચ. રાણા**
સંચાલક, નૂતન તાલીમ વિભાગ,
જમાલપુર શાળા નં. ૪ ની પાછળ, અમદાવાદ
rana.msb@gmail.com


**Book Post**

પ્રતિ શ્રી, ______________________

______________________

______________________


પ્રેષક :
**ડૉ. એલ.ડી. દેસાઈ**
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
એલિસબ્રીજ શાળા નં-૧૦, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ,
નવરંગપુરા, અમદાવાદ-૯
ફોન - (૦૭૯) ૨૬૪૨ ૭૦ ૧૪